દાંતીવાડા મુકામે ૫ નવનિર્મિત પોલીસ સ્ટેશનો અને આવાસોનું લોકાર્પણ

પાલનપુર, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા મુકામે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરીના હસ્તે બનાસકાંઠા જિલ્લામાં નવનિર્મીત ૫ પોલીસ સ્ટેશનો અને પાલનપુર હેડ ક્વાટર તથા ડીસા ખાતે પોલીસ લાઈનના આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવનિર્મીત પોલીસ સ્ટેશનો આ પ્રમાણે છે. દાંતીવાડા, પાલનપુર શહેર પૂર્વ અને પશ્ચીમ પોલીસ સ્ટેશન, ડીસા શહેર ઉત્તર પોલીસ સ્ટેશન તથા નાયબ પોલીસ અધિક્ષક થરાદની કચેરી, ઉપરાંત કેન્દ્રીય મંત્રી ચૌધરીના સ્હસ્તે દાંતીવાડા તાલુકાના રાજકોટ ગામે રૂ. ૮૬ લાખના ખર્ચથી બનેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતા મંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં

સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ તમામ ક્ષેત્રોમાં વણથંભી વિકાસયાત્રા સફળતાપૂર્વક આગળ વધી રહી છે. તેમણે કહ્યું કે સરકારની અભિયાન સ્વરૂપ વિરાટ કામગીરી અને વિવિધ કલ્યાણકારી યોજનાઓથી લોકોની આવક, સુવિધા અને સુખાકારીમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે રાજ્યની સાથે બનાસકાંઠા જિલ્લામાં પણ સંખ્યાબંધ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. મંત્રીએ જિલ્લાના વિકાસની વિગતો આપતાં કહ્યું કે બનાસકાંઠા જિલ્લામાં વિવિધ પ્રકારના શિક્ષણની વ્યાપક સુવિધાઓ ઉપલબ્ધ છે. તેમણે ઉમેર્યું કે ગઈકાલે જ પાલનપુર નજીક મેડીકલ કોલેજનું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. જેનાથી ઘણા વર્ષોથી મેડીકલ કોલેજની રાહ જોતા લાખો બનાસવાસીઓનું સપનું સાકાર થયું છે.

કેન્દ્રીયમંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે પ્રજા અને પોલીસને અદ્યતન પોલીસ સ્ટેશનોની સુવિધા મળે તે માટે રાજ્યભરમાં નવા અને અદ્યતન પોલીસ સ્ટેશનો બનાવાયા છે. બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ અને પૂરનું સંકટ આવ્યુ ત્યારે પોલીસ વિભાગના અધિકારીઓ અને જવાનોની કામગીરીની મંત્રીએ સરાહના કરી હતી. તેમણે કહ્યું કે પોલીસ અને પ્રજા મિત્ર બની પરસ્પર વિશ્વાસ અને સંકલન કેળવી મદદરૂપ બને એ જરૂરી છે.

અરવલ્લી જિલ્લા મોડાસામાં વેપારી એસો. પ્રમુખ તરીકે વિનોદભાઈ શાહ, જિલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ તરીકે ભીખાજી ડામોર અને બાયડ એપીએમસીમાં ડિરેક્ટર તરીકે બાબુભાઈ એમ. પટેલ ચૂંટાઈ આવતા આજે અરવલ્લી જિલ્લા સહકારી સંઘની બેઠકમાં સંઘના ચેરમેન પ્રભુદાસભાઈ પટેલ અને હોદ્દેદારો-ડીરેક્ટરોએ ફુલહારથી આ ત્રણેય હોદ્દેદારોને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ખેડબ્રહ્મા પોલીસે ૧૩૫ લીટર દારૂ સાથે મુદ્દામાલ ઝડપ્યો

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા પોલીસે તહેવારોને લઈને ચેકીંગ સઘન બનાવતાં પેટ્રોલીંગ દરમ્યાન ૧૩૫ લીટર દારૂ ઝડપ્યો હતો.

ખેડબ્રહ્મા પોલીસે પેટ્રોલીંગમાં દામાવાસકંપા પાસેથી રાજસ્થાન તરફથી આવતી લાલ કલરની મારૂતી ફન્ટી નં. જીજે.૨.કેટી.૧૯૪ના ચાલકે હરીભાઈ મનજીભાઈ ભગોરા-આંતરી (વિજયનરના) એ ગાડીમાં દેશી દારૂ ૧૩૫ લીટર કિંમત રૂ. ૮૧૦૦ લઈ આવતા પોલીસે ગાડી આંતરતા ચાલક કાર મુકી ફરાર થઈ ગયો હતો જેથી પોલીસ કાર કબજે કરી દારૂ તથા ગાડી કિંમત રૂ. ૮૫૦૦૦ મળી કુલ ૯૩૧૦૦નો મુદ્દામાલ ઝડપી કાર્યવાહી કરી હતી.

ખેડબ્રહ્મા તાલુકામાં ખોટા દસ્તાવેજથી જમીન વેચી મારી

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મા તાલુકાના સંગ્રામપુર કંપામાં આવેલ ખેતીની જમીન ઉષાબા પરમારને વારસામાં મળી હતી. જે ઉષાબા (વિશ્વકુંજ સોસા. રતનપુર, સુરેન્દ્રનગર) રહેતા હોઈ તેની દેખરેખ જસવંતસિંહ રાઠોડ (સંગ્રામપુરાકંપા) રાખતા હતા. જેમણે આ જમીન બારોબાર વેચી મારતાં ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાઈ હતી.

ખેડબ્રહ્મા તાલુકાના સંગ્રામપુરામાં આવેલ ખેતીની જમીન ઉષાબાને ૧૯૭૦-૭૧માં જસવંતસિંહ આઈ. રાઠોડે સર્વે નં. ૫૫૨ પૈકી ૨૫.એ. ૩૦ ગુંઠા તથા ૫૫૧ની ૧૫.એ મળી ૪૦ એકર જમીન ઉષાબાને બક્ષીસ દસ્તાવેજ કરીને ૩૭૪૬થી આપેલ હતી. ઉષાબા સુરેન્દ્રનગર પરણાવેલ હોઈ આ જમીન જસવંતસિંહ દેખરેખ રાખતા હતા અને માણસો પાસે ખેતી કરાવતા હતા. પરંતુ ૧૯૮૫માં જસવંતસિંહે ઉષાબાની જાણ બહાર ૬૦૪૨/૮૫ના દસ્તાવેજ આધારે જમીન પટેલ સમાજના લોકોને વેચાણ આપી દીધી હતી.

ઉષાબાને જાણ થતા તપાસ કરાવતા જાણવા મળેલ કે જસવંતસિંહે તેમનું ખોટુ કુલમુખત્યાર નામુ તૈ.યાર કરી વારસામાં મળેલી જમીન બારોબાર વેચી મારી હોવાનુ જાણવા મળેલ જેથી કિરણસિંહ નિર્મળસિંહ પરમાર રતનપુર-સુરેન્દ્રનગરવાળાઓએ જસવંતસિંહ ઈન્દુસિંહ પરમાર વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને પરીયાદ નોંધાવી હતી.

પોગલુ યુવતી ગુમ થતાં પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના પોગલુ ખાતે રહેતાં જસવંતજી માધાજીની પુત્રી હેમલતાબેન મકવાણા ઉ.વર્ષ- ૨૦ કે જેવો પોતાનાં ઘરે પ્રાંતિજ બ્યુટી પાર્લરમાં ઓર્ડર આપવાં જાઉં છું તેમ કહી ઘરેથી નિકળી હતી જે પરત ના ફરતાં પરિવાર દ્વારા શોધખોળ બાદ યુવતીના પિતા જસવંતજી માધાજીએ પ્રાંતિજ પોલિસને જાણ કરતાં પોલીસે ફરીયાદ લખીને આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજના સેજવીકપુરની યુવતી ગુમ થતાં પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સેજવીકપુરમાં રહેતાં કેસરીસિંહ રાઠોડની પુત્રી સુમિતાબેન કેસરીસિંહ ઉ.વર્ષ-૧૯ કે જે તા.૫-૮-૨૦૧૭ના રોજ હિંમતનગર રાખડી લેવાં જાઉં છું તેવું કહીને ઘરેથી નિકળી હતી ને તે આજ દિન સુધી પરત નહી આવતાં રાઠોડ વનરાજસિંહ કેસરીસિંહ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

મોડાસામાં ૮ કરોડના ખર્ચે નવનિર્મિત આરટીઓ કચેરીનું લોકાર્પણ

મોડાસા, તા.૧૪

અરવલ્લી જિલ્લામાં આજે મુખ્ય મથક મોડાસા ખાતે જિલ્લા સેવા સદન પાસે હાઈવે બાયપાસ ઉપર રૂ. ૮ કરોડના ખર્ચે નવનિર્મિત અરવલ્લી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરીના નવીન મકાનનું સાંસદ દીપસિંહ રાઠોડના હસ્તે લોકાર્પણ કરાયું હતું.

જિલ્લા ભાજપ પ્રમુખ

રણવીરસિંહ ડાભી સહિત પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતમાં યોજાયેલ લોકાર્પણ આ કાર્યક્રમના પ્રારંભે ખાસ લોકસંપર્ક અધિકારી જે.એમ. વાઘેલાએ મહેમાનોને આવકાર્યા હતા. તે પછી વાહનવ્યવહાર કમિશનર આર.એમ. જાદવે આ અદ્યતન કચેરી તમામ સુવિધાઓથી સજ્જ હોઈ હવે જિલ્લાવાસીઓને મુખ્યમથક ખાતે આ અંગેની સેવાઓ ઉપલબ્ધ થઈ હોઈ વાહનમાલિકો-ચાલકોને મોટી રાહત થશે. તેમણે જરૂરી ટેકસીસ સમયસર ભરીને સહયોગ આપી સેવાઓનો લાભ પણ લેવા અનુરોધ કરી રાજ્યના વાહનવ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયા અનિવાર્ય સંજોગોને લીધે ઉપસ્થિત રહી શક્યા નથી પરંતુ તેમની લોકભિમુખ લોક સેવાનાં કર્યો માટે ઊંડો રસ દાખવી રહ્યા છે અને આ કાર્યક્રમને પણ તેમણે શુભકામનાઓ પાઠવી હોવાનું જાદવે જણાવ્યું હતું. સાંસદ દિપસિંહ રાઠોડે આ કચેરીનું લોકાર્પણ કર્યું હતું અને પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે મોડાસાને જિલ્લો લાવવા અમે પ્રારંભથી જ કરેલા પ્રયાસોને લીધે જિલ્લામાં જિલ્લા કલકટર કચેરીથી લઈ તમામ કચેરીઓ આવી રહી છે અને અદ્યતન કચેરીઓ બની છે. તેમાં આજે ૮ કરોડના ખર્ચે આરટીઓ કચેરીનું આજે લોકાર્પણ કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

આ પ્રસંગે આરટીઓ અધિકારીઓ જે. કે. મોઢ, કે.વી. હાડા સહિતના અધિકારીઓની અરવલ્લી ટીમે કાર્યક્રમની સફળતા માટે ભારે જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત મોડાસા નગર પાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, કનુભાઈ, શહેર પ્રમુખ જગદીશભાઈ ભાવસાર, એસટી સલાહકાર સભ્ય ગુણવંતીબેન કંસારા, જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ, સાબરડેરી ડિટેક્ટર ભીખુસિંહ પરમાર, જિલ્લા લઘુમતી મોરચાના પ્રમુખ આફતાબ દુરાની, આરટીઓ કર્મચારી યુનિયન પ્રમુખ ધીરુભાઈ પટેલ, બેંકના ડિરેક્ટર પંકજભાઈ પટેલ સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં નિવાસી કલેકટર પી.સી. ઠાકોરે આભાર દર્શન કર્યું હતું.

રાજ્યના શહેરી વિસ્તારોમાં નાગરિકોને મફત ઈન્ટરનેટ સુવિધા પૂરી પાડવા પબ્લિક 'વાઈ-ફાઈ હોટ સ્પોટ' પ્રોજેક્ટ કાર્યાન્વિત

પાલનપુર, તા. ૧૪

રાજ્યના નાગરિકોને મફત ઈન્ટરનેટની સુવિધાઓ ઘર આંગણે જ પ્રાપ્ત કરવા માટે રાજ્ય સરકારે 'અર્બન વાઈ-ફાઈ પ્રોજેક્ટ' કાર્યાન્વિત કર્યોછે. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યમાં ગુજરાત સ્ટેટ અર્બન એરિયા નેટવર્ક હેઠળ નાગરિકોને વાઈ-ફાઈ સુવિધા પુરી પડાશે. પબ્લિક વાઈ-ફાઈ હોટ સ્પોટ પ્રોજેક્ટ હેઠળ ૩ લાખથી વધુ વપરાશકર્તાઓને આનો લાભ મળશે, એમ સાયન્સ એન્ડ ટેકનોજી વિભાગ દ્વારા જણાવાયું છે. વિભાગ દ્વારા જણાવાયાનુસાર આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યની 'અ' અને 'બ' વર્ગની ૫૬ જેટલી નગરપાલિકાઓને પ્રાથમિક તબક્કે આવરી લેવાશે અને દરેક શહેરમાં ૭થી ૧૦ જેટલા વાઈ-ફાઈ ઝોન બનાવાશે. જેમાં બસસ્ટેન્ડ, સિવિલ હોસ્પિટલ, ટાઉન લાયબ્રેરી અને નાગરિકોની મહત્તમ અવરજવર વાળા સ્થળોએ મફત ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ બનશે.

પ્રાથમિક તબક્કે રાજ્યના પાટણ, મહેસાણા, સાણંદ, મોડાસા, હિંમતનગર, નડિયાદ, ડભોઈ, પોરબંદર, ગોંડલ, વઢવાણ, વલસાડ જેવા શહેરોને આવરી લેવાનું આયોજન છે. આ શહેરોમાં સીટીબસ સ્ટેન્ડ, ડેપો, નગરપાલિકા, મામલતદાર કચેરી, તાલુકા વિકાસ અધિકારી કચેરી, જિલ્લા/તાલુકા કક્ષાની લાયબ્રેરીઓ, સિવિલ હોસ્પિટલ જેવા સ્થળોએ નાગરીકોને મફત અનલિમિટેડ ઈન્ટરનેટ સુવિધાઓ પૂરી પાડવા એક્સેસ પોઈન્ટ ઈન્સ્ટોલ કરવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે.

પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ જાહેર સ્થળોએ નાગરિકોને ઈન્ટરનેટ સુવિધા પૂરી પાડવાનો છે. આ પ્રોજેક્ટ સંપૂર્ણ અમલી બનતા ૩ લાખથી વધુ વપરાશકર્તાને તેનો લાભ મળશે. નાગરિકો માટે પબ્લિક ઈન્ટરનેટ એક્સેસ માળખાની સ્થાપના દ્વારા શહેરી વિસ્તારોમાં નાગરિકોને, પ્રવાસીઓને, વિદ્યાર્થીઓને આધારભુત-સુવિધાપૂર્ણ ઈન્ટરનેટ 'વાઈ-ફાઈ' કનેક્ટીવીટી પૂરી પાડશે. પ્રોજેક્ટ દ્વારા નાગરિકોઈન્ટરનેટ એક્સેસ સુવિધા શિક્ષણ અને ડિજિટલ સાક્ષરતા, માહિતી ઝડપથી મળશે, માહિતી અને જાગરૂકતાનું ડિજિટલ આદાનપ્રદાન, નાગરીકો માટે સરકારી સેવાઓનું સંમેલન અને ઉપયોગ જેવા વિવિધ લાભો મળશે.

પ્રાંતિજ વ્યાયામ શાળાને વ્યાયામ જ્યોતિર્ધર અંબુભાઈ પુરાણી એવોર્ડ આપીને સન્માન કરાયું

પ્રાંતિજ, તા.૧૪

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા ગુજરાત રાજ્યમાં વ્યાયામ શાળાની પ્રવૃત્તિઓ ચલાવતી અને બંધારણીય રીતે સ્થાપિત થયેલી અખાડાની પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે વ્યાયામ શાળાનાં સંચાલકે અસાધારણ યોગદાન આપેલ હોય તેમજ વ્યાયામ શાળાની પ્રવૃત્તિઓના પ્રચાર માટે શ્રેષ્ઠ કામગીરી કરી હોય તેવા વ્યક્તિને "વ્યાયામ જ્યોતિર્ધર અંબુભાઈ પુરાણી એવોર્ડ આપીને સન્માનિત કરવામા આવ્યાં હતા.

ગાંધીનગર ખાતે યોજાયેલ વ્યાયામ જયોતર્ધર અંબુભાઈ પુરાણી એવોર્ડ સમારંભ માં સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે શ્રી ટેનીસ કલબ અને શ્રી રતિલાલ ગો.પરીખ વ્યાયામ શાળાનાં આદ્ય સ્થાપક સ્વ રતિલાલભાઈની પ્રાંતિજ અને જિલ્લામાં વ્યાયામની પ્રવૃત્તિ કરવા માટે મરણોન્તર એવોર્ડ " વ્યાયામ જ્યોતિર્ધર અંબુભાઈ પુરાણી " એવોર્ડ પુરસ્કાર સાંસ્કૃતિક મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીના વરદ હસ્તે સ્વર્ગસ્થ રતિલાલભાઈના સુપુત્ર રશ્મિકાંતભાઈ અને ભત્રીજા શરદચંન્દ્રભાઈ પરીખ, નિરવભાઈ પરીખને આપવામાં આવ્યો હતો. જેમાં ૫૧૦૦૦નો ચેક તેમજ મોમેન્ટો અને સન્માન પત્ર આપવામાં આવ્યું હતું. જયારે પ્રાંતિજ વ્યાયામ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સર્વ વ્યાયામ વીરો તથા પ્રાંતિજવાસીઓ તથા ખેલ પ્રેમીઓમાં આનંદ છવાયો હતો.

મોનિટરીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એલઈડી લાઈટોનુ મોનિટરીંગ કરવામાં આવશે.

જયારે સેકટરોમાં ઉદભવતી સ્ટ્રીટ લાઈટોની ફરિયાદોનુ પણ નિવારણ કરવામાં આવશે. આ માટે વિભાગના અધિકારીની ચેમ્બરમાં જ સી સી એમ એસ સ્ક્રીન મુકવામાં આવશે. સ્ટ્રીટલાઈટની જવાબદારી સંભાળતી એજન્સી દ્વારા જ આ સ્ક્રીન મુકવામાં આવશે.જયારે સ્ક્રીનના આધારે સ્ટ્રીટ લાઈટની કામગીરીનુ પણ મોનીંટરીંગ કરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

દિવાળી વેકેશન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાર્થીઓ અને વાલીઓ પણ દિવાળી પર્વની ઉજવણી માટે તૈયારીમાં વ્યસ્ત બન્યા છે. શાળાઓમાં હવે દિવાળી વેકેશન શરૂ થતા વિદ્યાર્થીઓ પણ હળવા બન્યા છે. અભ્યાસથી દુર હટીને દિવાળી પર્વની મજા માંણી લેવાના મુડમાં જોવા મળી રહયા છે. શાળામાં ૨૧ દિવસના દિવાળી વેકેશન દરમિયાન ગાંધીનગરના પરિવારજનોએ ટુંકા પ્રવાસનુ પણ આયોજન કરી દીધુ છે. જેમાં નજીકમાં સોમનાથ દિવ અન આબુ સહીતના સ્થળો ફરવા માટે ઘણાંખરા પરિવારજનોએ બુકીંગ કરાવી દીધુ છે. શાળાઓમાં દિવાળી વેકેશનની રજાઓના અંતે આગમી ૬ નવેમ્બરથી બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે.

લોકાર્પણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરી વિકાસ સત્તા મંડળ આયોજિત કાર્યક્રમમાં તા ૧૫ ઓકટોબરના રોજ સવારે ૧૦:૧૫ કલાકે કુડાસણ રીલાયન્સ ચાર રસ્તા પાસે એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં પંડિત દિનદયાળ ઉપાધ્યાયની પ્રતિમાનુ અનવારણ અને નવ નિર્મિત સર્કલનુ પણ લોકાર્પણ કરવામાં આવશે. કુડાસણ -સરગાસણ માર્ગનુ નામકરણ તેમજ સાયકલ શેરીંગ પ્રોજેકટની મોબાઈલ એપ્લિકેશન અને વેબપોર્ટલનુ અનાવરણ કરવામાં આવશે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ રાજસભાના સાંસદ ભુપેન્દ્ર યાદવ ધારાસભ્ય શંભુજી ઠાકોર, અશોક પટેલ મેયર પ્રવિણ પટેલ ગુડાના ચેરમેન આશિષ દવે ઉપરાંત ગુડાના અધિકારીઓ પણ હાજર રહેશે.

દિવાળી ભેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાટનગર પટણા સાથે જોડનાર પુલ છે. મોદીએ બિહારના પહેલા મુખ્યમંત્રી સ્વર્ગસ્થ કૃષ્ણસિંહની પ્રશંસા કરી હતી. સાથે સાથે રામધારીસિંહ દિનકરને પણ યાદ કર્યા હતા અને તેમની કવિતા વાંચી હતી. મોકામા ખાતે મોદી કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારાઆયોજિત કાર્યક્રમમાં રાષ્ટ્રીય રાજમાર્ગ સંખ્યા ૩૧ના ઓન્ટા-સિમરિયા માર્ગને ચાર લેન કરવા, છ લેનવાળા ગંગા સેતુના નિર્માણ અને બખ્તીયારપુર-મજકામા માર્ગને વિસ્તૃત કરવાના મુદ્દા ઉપર વાત કરી હતી. આ માર્ગને ચાર લેન બનાવવા સહિત ચાર રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓની આધારશીલા મુકી હતી. તેમની સાથે કેન્દ્રીયમંત્રી નીતિન ગડકરી પણ ઉપસ્થિત રહ્યા હતા. પટણા યુનિવર્સિટીના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે વડાપ્રધાન મોદી સમક્ષ પટણા યુનિવર્સિટીને સેન્ટ્રલ યુનિવર્સિટીનો દરજ્જો આપવાની માંગ કરી હતી. વિદ્યાર્થીઓએ પણ આની રજૂઆત કરી હતી. મોદીએ આ માંગને જુની ગણાવતા આનાથી પણ મોટી ઓફરની વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, દેશની ૨૦ સર્વશ્રેષ્ઠ યુનિવર્સિટીઓની યાદી બનાવવામાં આવશે જેમને ૧૦૦૦૦ કરોડ રૂપિયાની રકમ આપવામાં આવશે. આ પ્રસંગે મોદીએ કહ્યું હતું કે, પહેલાના અનેક વડાપ્રધાન તેમના માટે સારા કામ છોડીને ગયા છે. આવા જ કામ કરવાની આજે પણ તેમને તક મળી છે. પટણા યુનિવર્સિટીએ અનેક લોકપ્રિય ચહેરાઓ આપ્યા છે. બિહારની પાસે સરસ્વતીની કૃપા છે. બિહાર પર લક્ષ્મીની કૃપા પણ થઈ શકે છે. આમા કેન્દ્ર સરકાર મદદ કરશે.

રજનીકાંત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રણનીતિ ઘડી રહી છે. અન્નાદ્રમુકના કેટલાક વિધાયકો અને દિનાકરણ સાથે છે અને તેમને ગેરલાયક ઠેરવવાનો મામલો અદાલતમાં વિચારાધીન છે.

જેને લીધે પાર્ટીમાં અંસતોષ અને અસ્થિરતાની સ્થિતિ છે. આ તમામ શક્યતાઓ વચ્ચે વચગાળાની ચૂંટણી યોજાવાની પણ શક્યતાઓ જણાઈ રહી છે. આ પરિસ્થિતિને જોતા ભાજપા ઈચ્છે છે કે રજનીકાંત નવી પાર્ટી બનાવીને ગઠબંધનનો ચહેરો બને. જયલલિતાનું આકસ્મિક મોત અને કરૂણાનિધિનો રાજનીતિ સંન્યાસને કારણે રાજ્યની બે સૌથી વધુ શક્તિશાળી રાજનેતિક પાર્ટી અન્નાદ્રમુક અને દ્રમુક હાલ નેતૃત્વહિન દિશામાં છે. આવામાં કમલા હસનને વિપક્ષ પોતાનો ચહેરો બનાવવા માગેં છે.

વસીમ શાહ ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમાવેશ થાય છે. માર્યા ગયેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો હતો. વસીમ શાહની સાથે સાથે હાફિજ નિસાર પણ ઠાર કરી દેવામાં આવ્યો હતો. પોલીસ સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે વસીમ શાહ લશ્કરનો ટોપ કમાન્ડર હતો. જે મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ હતો. અત્રે નોંધનીય છે કે આ વર્ષે હજુ સુધી ૧૭૧ ત્રાસવાદીઓ ઠાર થઈ ચુક્યા છે. સુરક્ષા દળોને બેથી ત્રણ ત્રાસવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ એન્કાઉન્ટરની શરૂઆત થઈ હતી. તોયબા કમાન્ડર વસીમ શાહને આર્મી અને પોલીસ માટે સૌથી મોસ્ટ ત્રાસવાદી તરીકે ગણવામાં આવી રહ્યો હતો. બારામુલામાં સુરક્ષા દળોએ અગાઉ નવમી ઓક્ટોબરના દિવસે પણ એક મોટી સફળતા હાંસલ કરી હતી. એ દિવસે ભીષણ અથડામણમાં જૈશે મોહમ્મદના ઓપરેશન કમાન્ડર અબૂ ખાલીદને ઠાર કરી દેવમાં આવ્યો હતો. અબુ ખાલીદ ગયા સપ્તાહમાં બીએસએફ કેમ્પ ઉપર કરવામાં આવેલા હુમલામાં માસ્ટર માઈન્ડ તરીકે હતો. ત્યારબાદથી સુરક્ષા દળોએ તેની શોધખોળ હાથ ધરી હતી. એ દિવસે આતંકવાદીઓ સેનાની પેટ્રોલિંગ ટીમ ઉપર હુમલો કરી દીધો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું છે કે, ભારતીય સેના દરરોજ પાંચથી છ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી રહી છે. રાજનાથે કહ્યું હતું કે, ભારત-પાકિસ્તાન સરહદ ઉપર યુદ્ધવિરામના ભંગનો જડબાતોડ જવાબ અપાઈ રહ્યો છે. સેનાએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, પાકિસ્તાની સેનાના યુદ્ધવિરામના ભંગનો કડકરીતે જવાબ અપાઈ રહ્યો છે. સેનાને પણ આ સંદર્ભમાં પુરતી સત્તા આપી દેવામાં આવી છે.

જમ્મુ કાશ્મીરમા ત્રાસવાદીઓ તેમની હાજરીને પુરવાર કરવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે. જેના ભાગરૂપે ત્રીજી ઓક્ટોબરના દિવસે વહેલી સવારે શ્રીનગર એરપોર્ટની નજીક સ્થિત બીએસએફ કેમ્પ પર ત્રાસવાદીઓએ આત્મઘાતી હુમલો કર્યો હતો. હુમલો કરવામાં આવ્યા બાદ જવાબી કાર્યવાહીમાં સુરક્ષા દળોએ ત્રણેય ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. જ્યારે એક આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (બીએસએફ) શહીદ થયા હતા. ત્રાસવાદીઓની ટોળકીએ આ ભીષણ હુમલાને અંજામ આપ્યો હતો. મોતને ઘાટ ઉતારી દેવામાં આવેલા ત્રાસવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. કાશ્મીર ખીણમાં પુલવામા જિલ્લામાં ત્રાસવાદીઓએ જમ્મુ કાશ્મીરમાં પોલીસના હેડ કોન્સ્ટેબલની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. આ પહેલા છેલ્લા સપ્તાહમાં બાન્દીપોરામાં ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. જમ્મુ કાશ્મીરમાં મોટા પાયે ત્રાસવાદીઓને ઘુસાડી દેવા માટે પાકિસ્તાની સેનાના જવાનો સરહદ પર યુદ્ધવિરામનો ભંગ કરી ગોળીબાર કરી રહ્યા છે.જમ્મુકાશ્મીરમાં હાલમાં ત્રાસવાદીઓ સામે જોરદાર જંગ ખેલાઈ રહ્યો છે. ત્રાસવાદીઓ સામે ચાલી રહેલા ઓપરેશનમાં મોટી સફળતા સતત મળી રહી છે. હથિયારો પણ જપ્ત કરાયા છે.

મહાત્મા મંદિર ખાતે ફાયર સેફ્ટી અને સ્ટેમ્પડની મોકડ્રીલ ગોઠવવામાં આવી

ગાંધીનગર, તા. ૧૪

નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા તા.૧૩ ઓક્ટોબરને ડીઝાસ્ટર રીસ્ક રીડક્શન દિવસ તરીકે જાહેર કરેલ જેના અનુસંધાનમાં ગાંધીનગર જિલ્લા કલેક્ટર સતીષ પટેલના માર્ગદર્શન હેઠળ જી.એસ.ડી.એમ.એ., ગાંધીનગર દ્વારા મહાત્મા મંદિર ખાતે ફાયર સેફ્ટી અને સ્ટેમ્પડની મોકડ્રીલ ગોઠવવામાં આવી હતી. જેમાં મહાત્મા મંદિર, સેમીનાર હોલ ઉમાં આગ લાગતા જે અંગેની સૂચના આપતો ફોન મહાત્મા મંદિર ખાતેથી ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગરમાં કર્યો હતો. જેથી તરત જ એન.ડી.આર.એફ., ગાંધીનગર ફાયર બ્રીગેડ, સીવીલ ડીફેન્સ તથા ૧૦૮ને ફોન કરી ઘટના અંગે સૂચના આપવામાં આવેલ હતી. તેઓને ઘટનાની જાણ થતા બચાવ ટુકડીઓ તુરતજ ઘટના સ્થળે આવી ગઈ હતી. અને બચાવ કામગીરી શરૂ કરી દીધેલ હતી. આ દરમિયાન કુલ ૧૦૦ લોકોને સુરક્ષીત સ્થળે ખસેડાયા હતા તથા ૪ લોકોને પ્રાથમીક સારવાર અપાઈ હતી તથા એક વ્યક્તિને વધુ સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સમાં ખસેડેલ હતા તથા સંપૂર્ણ વિસ્તારને ભયમુક્ત જાહેર કરાયો હતો.

આ ડ્રીલમાં જી.એસ.ડી.એમ.એ. સાથે એન.ડી.આર.એફ., ગાંધીનગર ફાયર બ્રીગેડ, સીવીલ ડીફેન્સ તથા ૧૦૮ તથા મહાત્મા મંદીર ફાયર ટીમ વગેરેએ સાથે મળી સમગ્ર કામગીરી પૂર્ણ કરી હતી.

આ કાર્યક્રમનું સંચાલન અધિક નિવાસી કલેક્ટર એચ.એમ. જાડેજા તથા મામલતદાર ડીઝાસ્ટર, ગાંધીનગર, શ્રીમતી દિપીકાબેન પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.